# અક્ષય તૃતીયા

## સુપાત્ર દાનનુ સંદેશવાહક પર્વ





પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

સુપાત્ર-દાનનું સંદેશવાહક પર્વ

# અક્ષય તૃતીયા


લેખક

સિદ્ધહસ્ત લેખક પૂ. આચાર્ય દેવ

શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ



પ્રકાશક

ઉપેન્દ્રભાઈ એચ. શાહ

E, 19, આયોજનનગર, શ્રેયસ ક્રોસીંગ સામે,

અમદાવાદ-૭, ટે.નં. ૪૧૧૨૮૨

## ■ પ્રકાશન નિમિત્ત ■

## શ્રી પોપટલાલ લલ્લુભાઈના પુત્ર

શ્રી હર્ષદભાઈ પોપટલાલના સુપુત્ર ઉપેન્દ્રભાઈનાં ધર્મપત્ની માલિની બહેનને નિર્વિઘ્ને ચાલી રહેલ વર્ષીતપની પૂર્ણાહુતિનો પ્રસંગ નજીક આવી રહ્યો છે, ત્યારે વર્ષીતપને અનુલક્ષીને પ્રસંગાનુરૂપ 'અક્ષય તૃતીયા'નું પ્રકાશન કરતાં આનંદ અનુભવાય છે.

આ પૂર્વે માલિનીબહેને અઠ્ઠાઈ, સોળ ઉપવાસ સિદ્ધિતપ, ક્ષીર સમુદ્ર આદિ તપો કરેલ, એ તપના ઉત્સવ પ્રસંગે ગવાયેલ ગીત આ પુસ્તિકામાં પ્રસ્તુત છે. આ ગીતમાં પૂરા પરિવારનો પરિચય પણ ધ્વનિત થઈ રહ્યો છે.

આ પુસ્તિકાના પ્રકાશન નિમિત્તે પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજ તથા પૂ. મુનિરાજ શ્રી યુગચન્દ્ર વિજયજી મહારાજનો પુણ્ય-પરિચય થયો અને આ પુણ્યપુરુષોના પ્રભાવે જ 'અક્ષય તૃતીયા'નું પ્રકાશન કરવામાં સફળતા સાંપડી છે, આટલા ઋણ-નિર્દેશપૂર્વક તપસ્વીના તપની પુનઃ પુનઃ અનુમોદના !

શ્રી હર્ષદભાઈ પોપટલાલના સુપુત્ર ચિ. ઉપેન્દ્રભાઈનાં ધર્મપત્ની અ.સૌ.
માલિનીબહેને કરેલ ક્ષીર સમુદ્રતપની પૂર્ણાહુતિ-પ્રસંગે ગવાયેલ

## તપ અનુમોદના ગીત

(રાગ - તમે રે સહારા રે...)

ધન્ય એવા તપસ્વીને રે. - હોજો અમારી વંદના,
હે જેને ક્ષીર સમુદ્ર તપ સોહાયા - તપસ્વીને રે...

શાંતિનાથ પ્રભુની શીતળ છે છાયા, મુકાવે ક્રોધ, માન, મમતા ને માયા,
હે જેના શરણે ભવસાગર તરાયા... તપસ્વીને રે...

મનુભાઈને માલતીબેનની કુખે, માલિનીબેન, ઊછર્યા અતિ સુખે,
હે જેને ધર્મ-સંસ્કાર પમાયા... તપસ્વીને રે...

હર્ષદભાઈ-વિદ્યાબેન પરિવારે, સોહે ઉપેન્દ્ર-પ્રફુલ્લ-નીતિન જાયા,
હે મીતા-જયશ્રી પુત્રીઓ સુખદાયા... તપસ્વીને રે...

માલિની-પ્રતિમા-મુદ્રિકા ગુણવંતી, દેરાણી-જેઠાણીના નાતે સોહંતી,
હે એ તો ઘરની લક્ષ્મીઓ શોભાયા... તપસ્વીને રે...

પુણ્યોદયે શુભ લક્ષ્મીને પાયા, હસ્તગિરિ તીર્થયાત્રા કરાયા,
હે પ્રભુ પ્રતિષ્ઠાના લ્હાવા પાયા... તપસ્વીને રે...

તપનો મહિમા આગમમાં અપાર છે, ભાવ-મંગલ વળી મુક્તિ સથવાર છે,
હે જેને જીવન-કર્તવ્યો ગણાયા... તપસ્વીને રે...

વીરના મુખેથી જેનો તપગુણ પંકાય છે, ચઢતે પરિણામે શ્રી ધન્નો મુનિરાય રે,
હે એ તો મહાવીરના હૈયે સ્થપાયા... તપસ્વીને રે...

નિરૂપમાશ્રીજીના શુભ આશિષથી, ક્ષીર સમુદ્રતપ પૂર્ણ કર્યો હોંશથી,
હે જેને જીવનને ધન્ય બનાયા... તપસ્વીને રે...

માલિનીબેનને તપનો રંગ લાગ્યો, અઠ્ઠાઈ-સોળ, સિધ્ધિતપ આરાધ્યો,
હે આજે ક્ષીર સમુદ્રતપ કરીયા... તપસ્વીને રે...

ઉપેન્દ્રભાઈ વિનંતી સાંભળજો, તપ નિમિત્તે શિખરજી લઈ જાજો,
હે આજે તપના ઉત્સવ ઉજવાયા... તપસ્વીને રે...

માલિનીબેને તપ પૂર્ણ કર્યો રંગથી, અનુમોદના કરે સ્વજનો ઉમંગથી,
હે જેના પ્રતિમા-બાંધવે ગુણ ગાયા... તપસ્વીને રે...

તા. ૩-૯-૧૯૯૧

રચયિતા
**મહેન્દ્ર રસિકલાલ શાહ**

# વર્ષીતપનો પ્રભવ અને પ્રભાવ

## આલેખક : પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

યુગોના યુગ પૂર્વેની વાત છે. ત્યારે આ ભારતદેશ આજ કરતાં અનેક રીતે વિશેષ સમૃધ્ધ હતો, ત્યારે આયુષ્ય લાખો વર્ષનાં લાંબાં હતાં, શરીરની ઊંચાઈ પણ ઠીક ઠીક મોટી હતી, આરોગ્યની સુંદરતાની તો વાત જ થાય એમ ન હતી. અકાળે કોઈને મરણ નહોતું આવતું. પ્રજામાં પુત્ર જેવી શરણાગતિનો ભાવ હતો, સગાં માબાપ જેવી વાત્સલ્યભીની લાગણી રાજાના લોહીમાં વહેતી હતી. લોકો જેમ બાહ્ય સંપત્તિથી સમૃધ્ધ હતા, એમ ગુણસમૃધ્ધિથી પણ લોકોના અંતરખજાના ભરપૂર હતા. ક્રોધ, માન, માયા, લોભ આદિ આંતર-શત્રુઓનું જોર ત્યારે બહુ ફાવતું નહોતું અને ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ આદિ આંતર-મિત્રોની મિત્રતાથી સ્થપાયેલી હેત, પ્રીત અને "વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાનો પ્રભાવ પગલે-પગલે જોવા મળતો હતો. પ્રજા પોતાની આવી સમૃધ્ધિના પ્રણેતા તરફ આદરપૂર્વક પ્રણામ કરતાં બોલી ઊઠતી કે, આ બધો પ્રભાવ તો દાદા આદિનાથનો છે !

દાદા આદિનાથે રાજા તરીકેનો કર્તવ્યધર્મ અદા કરી લઈને જ્યારે ધર્મરાજા તરીકે લોકોપકાર કરવાની ભૂમિકા રચવા સંયમનો પંથ સ્વીકાર્યો હતો, ત્યારના સમયની આ વાત છે.

પ્રભુએ સંયમ સ્વીકાર કર્યો, ત્યારે ચૈત્ર વદ આઠમનો દિવસ હતો. ચંદ્ર ત્યારે ઉત્તરાષાઢા નક્ષત્રમાં શોભતો હતો. એ દિવસે વિનીતા નગરીએ એક અપૂર્વ દૃશ્ય આંસુભીની આંખે નિહાળ્યું હતું. પ્રજાનું પુત્રની જેમ પાલન કરનાર અને છેલ્લા એક વર્ષમાં વર્ષીદાન તરીકે અઢળક ધનની વૃષ્ટિ કરનારા દાદા આદિનાથ રાજપાટનો ત્યાગ કરીને કયા પંથે જવા કટિબધ્ધ બન્યા હતા એનો કોઈ તાગ પામી શકતું નહોતું અને એથી સર્વસ્વનો ત્યાગ કરીને જંગલની વાટે ચાલી નીકળેલા પ્રભુને પ્રજા આશ્ચર્ય અને આઘાતથી ભરપૂર આંખે જોવાય, ત્યાં સુધી જોતી રહી હતી.

પ્રભુ જે સર્વસ્વનો ત્યાગ કરીને ગામ-નગરોમાં વિહરવા માંડ્યા, એ જ ચીજોને લોકો ભેટણાં તરીકે પ્રભુ સમક્ષ ધરવા માંડ્યા. દાન એ શું ચીજ છે એ વાત લોકો માટે ત્યારે કલ્પના બહારની વાત હતી, કારણ કે કોઈ યાચક જ ન હતો. યાચક વિના દાનની વાતને કોણ સમજે ? એથી ભિક્ષા કાજે પોતપોતાના આંગણે પધારતા પ્રભુ સમક્ષ સૌ સુવર્ણ, સુંદરી અને સમૃદ્ધિ જેવી ચીજો ધરતા, પરંતુ પ્રભુએ તો આ બધું મનથી પણ તજી દીધું હતું. એથી એની પર નજર પણ માંડ્યા વિના પ્રભુ આગળ વધી જતા. આવું એક ગામ કે એક દિવસ સુધી નહોતું બન્યું, પણ અનેક ગામ માટે અને દિવસો સુધી આવો જ ક્રમ ચાલતો રહ્યો.

ન આહાર ! ન પાણી ! છતાં પ્રભુના મુખ પરની એ પ્રસન્નતા જાણે સહસ્રદલ કમળની જેમ વિકસતી ચાલી. આમ, નિરાહારી પ્રભુની વિહારયાત્રા જેમ જેમ દિવસો, સપ્તાહો, પખવાડિયાં અને મહિનાઓ વટાવીને વર્ષની અવધિથીય આગળ વધવા માંડી, એમ એમ પ્રજાનું દુ:ખ વધવા માંડ્યું કે, આપણે કેવા અજ્ઞાન કે, દાદાને ખપતી ચીજની ભાળ પણ મેળવી શકતા નથી અને ભર્યાભાદર્યા આપણા ઘરમાંથી જે જે ચીજો આપણે પ્રભુ સમક્ષ ધરીએ છીએ, એ લીધા વિના જ પ્રભુ આગળ ને આગળ વધતા જાય છે.

□

વૈશાખ સુદ બીજની રાત હતી. શીતળ પવન મંદમંદ ગતિએ વહેતો હતો અને અનેકને આસાએશ આપતો હતો. ઘણીખરી રાત પસાર થઈ ચૂકી હતી, બરાબર આ જ વખતે હસ્તિનાપુર નગરમાં કોઈ અનેરી સ્વપ્નસૃષ્ટિ અવતરી અને રાજા સોમપ્રભ, રાજપુત્ર શ્રેયાંસકુમાર અને નગરશેઠ સુબુદ્ધિ આ ત્રણે અગ્રગણ્ય વ્યક્તિઓ અલૌકિક એ સ્વપ્નસૃષ્ટિની સહેલગાહે ઊપડી ગઈ.

રાજા સોમપ્રભ દાદા આદિનાથના પુત્ર બાહુબલિના સુપુત્ર થતા હતા. એમણે સ્વપ્નમાં એવી ઘટના નિહાળી કે, એક રાજા અનેક શત્રુરાજાઓથી ઘેરાઈ ગયો છે, પોતાનો બળવાન પુત્ર શ્રેયાંસ એની વહારે ધાય છે અને આ સહાય મળતાં જ એ રાજા વિજયને વરે છે ! આ સ્વપ્નના દર્શને રાજાના હર્ષનો પાર ન રહ્યો. એઓ સ્વપ્નનો ફલાદેશ વિચારી રહ્યા.

રાજપુત્ર શ્રેયાંસકુમારે નિહાળેલું સ્વપ્ન પણ ભવ્ય હતું. એમણે સ્વપ્નમાં એવી અનુભૂતિ કરી કે, મેરુગિરિ જેવો ચારે તરફથી શ્યામ થઈ ગયો છે અને એની પર પોતે દૂધના કળશો ઠલવી રહ્યો છે, આના પ્રભાવે એ મેરુગિરિ પુન: પૂર્વની જેમ ઉજ્જ્વળ બનીને ઝગારા મારી ઊઠે છે. આ સ્વપ્ન શ્રેયાંસકુમારને હર્ષથી ભરપૂર બનાવી ગયું. એમણે પણ એનો ફલાદેશ વિચારવા માંડ્યો.

સુબુદ્ધિ શેઠે સ્વપ્નમાં આશ્ચર્યભરી એક એવી ઘટના જોઈ કે, સૂર્ય-બિંબમાંથી હજારો કિરણો વેરાઈને છૂટાં પડી ગયાં છે અને શ્રેયાંસકુમાર એ કિરણોને સૂર્ય સાથે જોડી દેવામાં સફળ બની રહ્યા છે, જેના યોગે એ સૂર્ય પુન:પ્રકાશી ઊઠ્યો છે. અસંભવિત એવા આ સ્વપ્ને શેઠને આશ્ચર્યથી ભરી દીધા. એમના મનમાં પણ આ સ્વપ્નની ફલશ્રુતિ અંગેના વિચારો ઘૂંટાવા માંડ્યા.

સવાર થતાં જ રાજા, રાજકુમાર અને નગરશેઠે નક્કી કર્યું કે, આજની રાજસભામાં જઈને સ્વપ્નની વાત મૂકવી અને સ્વપ્નના સંકેત જાણવામાં એકબીજાની મદદ લેવી.

□

વૈશાખ સુદ ત્રીજનું મધ્યાહ્ન થયું-ન-થયું, ત્યાં તો રાજસભામાં રાજાએ પોતાના સ્વપ્નની વાત રજૂ કરી. આ પછી શ્રેયાંસકુમારે પણ પોતાનું સ્વપ્ન કહી બતાવ્યું અને જ્યારે નગરશેઠ સુબુદ્ધિએ પણ પોતાને આવેલા સ્વપ્નની વાત સંભળાવી, ત્યારે સૌએ એકી અવાજે કહ્યું કે, જરૂર આ સ્વપ્નથી એવું સૂચિત થાય છે કે, રાજકુમાર શ્રેયાંસને મોટો લાભ થશે, કારણ કે ત્રણે સ્વપ્નોના સૂત્રધાર તરીકે આ રાજકુમાર છે !

સ્વપ્નના શુભાશુભ ફલાદેશ ભાખી શકે, એવા સ્વપ્ન-પાઠકોનો એ યુગ નહોતો, એથી પોતપોતાની સૂઝબૂઝ મુજબ સૌ આ સ્વપ્નોના સંકેત વિચારી રહ્યા. રાજાથી માંડીને પ્રજાના આગેવાનોના મનમાં આ સ્વપ્નથી સૂચવાતા ભાવિ અંગેના વિચારો વેગપૂર્વક ઘૂમવા માંડ્યા. પણ હજી સ્વપ્નના સંકેત કોઈને મળતા નહોતા, એક વાતમાં આ બધા સંમત થતા હતા કે, શ્રેયાંસકુમારના હાથે થનારા કોઈ શુભ કાર્યની છડી પોકારનારાં આ સ્વપ્નો છે.

રાજસભામાં આ રીતે સ્વપ્નના વિચારની ગંભીરતાથી ભર્યું ભર્યું વાતાવરણ જામી રહ્યું હતું, ત્યારે રાજમાર્ગો પર તો આનંદનો મહાસાગર છલકાય, એવી એક ઘટના ઘટી હતી ! દાદા આદિનાથ વિહાર કરતા કરતા આજના આ દિવસે હસ્તિનાપુર પધાર્યા હતા અને રાજમાર્ગો પર ધીરગંભીર ચાલે આગળ વધી રહ્યા હતા. પ્રભુને ઓળખી જતાં પ્રજાજનોને વાર ન લાગી, સૌના હૈયાની ભક્તિ ઊછળી પડી અને સૌ પ્રભુને પોતપોતાના આંગણે પધારીને સોનારૂપાનો સ્વીકાર કરવા વિનવવા લાગ્યા. પણ પ્રભુ તો વિનવણીને ધ્યાનમાં લીધા વિના આગળ ને આગળ વધવા માંડ્યા. એ પગલાં જેમ આગળ વધી રહ્યાં એમ નગરમાં હર્ષમિશ્રિત કોલાહલનું પ્રમાણ પણ વધવા માંડ્યું.

પ્રભુની પધરામણીથી વ્યાપેલા આનંદના એ કોલાહલનો ધ્વનિ જ્યારે રાજસભામાં જામતી જતી ગંભીરતા પર ફરી વળ્યો, ત્યારે રાજપુત્ર શ્રેયાંસકુમારે આ કોલાહલનું કારણ જાણી લાવવા રાજસેવકોને આદેશ કર્યો. આ કોલાહલે ગંભીરતા તરફ સરકતી જતી સૌની સ્વપ્નવિષયક વિચારધારાના વેગને અટકાવી દીધો હતો, થોડી પળો વીતી-ન-વીતી ત્યાં તો પ્રસન્નમુખે એકી શ્વાસે દોડતા દોડતા આવેલા રાજસેવકોએ વધામણી આપતાં કહ્યું : આપણાં સૌનાં ધન્ય ભાગ અને ધન્ય ઘડી કે, દાદા આદિનાથ પધાર્યા છે, ધરતી એમના પગલે ધન્ય બની ઊઠી છે, પ્રજા એમનાં દર્શને પ્રસન્ન બની ઊઠી છે અને સમગ્ર વાતાવરણે એમના આગમનથી કોઈ ઉત્સવ-મહોત્સવ જેવું રળિયામણું રૂપ ધારણ કર્યું છે !

આ વધામણી મળતાં જ રાજા, રાજપુત્ર, નગરશેઠ આદિ સૌ કોલાહલની દિશામાં દોડ્યા, સૌએ જોયું, તો જાણે ધીરતા-ગંભીરતા અને વીરતા સદેહે રાજભવન તરફ પ્રભાવશાળી પગલાં માંડીને આવી રહી હતી ! થોડી વાર થઈ, પ્રભુની નજીક પહોંચીને રાજા સોમપ્રભે ધારી ધારીને દર્શન કર્યાં. એકલપંડે શત્રુસૈન્યની સામે લોહીનું છેલ્લું બુંદ ખર્ચી નાખવાની જવાંમર્દી સાથે ઝઝૂમતા કોઈ રાજવી જેવી સ્થિતિનો અણસાર પ્રભુદર્શનથી લાધતાં જ સોમપ્રભુને આજે લીધેલા સ્વપ્નની કડી કંઈક સંધાતી લાગી. રાજપુત્ર શ્રેયાંસકુમાર પણ પ્રભુદર્શનથી વિચારમગ્ન બનતા ચાલ્યા હતા. પ્રભુના દેહને જોતાં જ એમને સ્વપ્નમાં જોયેલો કાળાશ ધરાવતો સુવર્ણ-મેરુ યાદ આવી ગયો.

સુબુદ્ધિ શેઠની સ્થિતિ પણ આવી જ હતી. પ્રભુની કાયામાં એમને કિરણોથી વિખૂટા પડેલા કોઈ સૂર્યનું સામ્ય દેખાવા લાગ્યું.

આ રાજા, રાજપુત્ર અને નગરશેઠ વધુ ગંભીરતાથી પ્રભુને એકીટસે નિહાળી રહ્યા. એમાંય શ્રેયાંસકુમારની ગંભીરતા અને વિચારમગ્નતા કોઈ ઓર જ હતી ! પ્રભુને જોતાંની સાથે જ એમના દિલમાં જે વિચારો જાગ્યા હતા, એ તો વળી જુદા જ હતા ! એઓ વિચારી રહ્યા હતા કે, આવો વેશ મેં ક્યાંક જોયો છે. અરે ! માત્ર જોયો એમ નહિ, પણ આવો વેશ જાણ્યો-માણ્યો હોય, એમ પણ લાગે છે ! અહો ! આ વેશને અનુરૂપ વર્તન તો કેટલું બધું ભવ્ય હશે !

-ને પ્રભુના દર્શનથી શ્રેયાંસકુમાર ભૂતકાળની કોઈ ગેબી દુનિયામાં ઊતરી પડ્યા અને પોતાની સ્મૃતિસૃષ્ટિને ઢંઢોળી રહ્યા. થોડી પળો પસાર થઈ. જેમ એ વિચારમગ્નતા વધતી ચાલી, એમ સ્મૃતિ પર છવાયેલા કાળનાં પોપડાં ઉખડતાં ચાલ્યાં, અને ગણતરીની પળોમાં તો સ્મૃતિના એ તોતિંગ દરવાજા ઊઘડી જતાં, શ્રેયાંસકુમારને પૂર્વજન્મનું સ્મરણ કરાવતું જ્ઞાન પ્રાપ્ત થયું. એ જ્ઞાનના પ્રકાશે એમનું અંતર ઝળહળ બની ઊઠ્યું.

શ્રેયાંસકુમાર મનોમન બોલી ઊઠ્યા કે, પૂર્વભવોમાં આવો વેશ મેં ધારણ કર્યો છે, એટલું જ નહિ, આ પ્રભુ સાથે છેલ્લા નવ-નવ ભવથી હું સંકળાતો આવ્યો છું. અરે ! કેવા અચરજની વાત છે કે, પ્રભુએ જે પરિગ્રહને પાપનો ભારો સમજીને તજી દીધો, એ જ પરિગ્રહને પ્રભુ સૌ ધરી રહ્યા છે. પ્રભુની સમક્ષ શું ધરાય ? એનું પણ કોઈને જ્ઞાન નથી, આ કારણે જ દીક્ષા દિવસથી આ જ સુધી પ્રભુના હાથનું ભિક્ષાપાત્ર ખાલી જ રહેવા પામ્યું છે અને જેના યોગે પ્રભુને એક વર્ષ ઉપર ચાલીસ દિવસ જેટલા લાંબા ઉપવાસ થયા છે.

શ્રેયાંસકુમાર આનંદી ઊઠ્યા. પૂર્વના નવ-નવ ભવના સંબંધ જ નહિ, પરંતુ સ્વપ્નના સંકેત પણ એમની સમક્ષ પ્રત્યક્ષ થઈ ગયા હતા. પણ અત્યારે આ બધી વાત કરવાનો સમય નહોતો, અત્યારે તો સુપાત્ર દાનના શુભારંભ સ્વરૂપ પ્રભુને પારણું કરાવવાના લાભ લેવાના અવસરને જ મુખ્યતા આપવા જેવી હતી, એથી જાતિસ્મરણ થતાં જ સુપાત્ર દાનની વિધિના જ્ઞાતા બની ચૂકેલા શ્રેયાંસકુમાર જાણે આદિ-દાનના પ્રવર્તક બનવાનું સૌભાગ્ય મેળવવા કટિબદ્ધ બન્યા.

શ્રેયાંસકુમાર પોતાના રાજભવનમાં પહોંચ્યા, એ પૂર્વે જાણે એમની દાનભાવના ત્યાં પહોંચી ગઈ હતી અને એ ભાવનાને અનુકૂળ ભૂમિકા સર્જાઈ ગઈ હતી. વૈશાખનો મહિનો હતો, ખેતરોમાં શેરડીનો મબલક પાક થયો હતો અને ખેતરે-ખેતરે શેરડીની રસધારા વહી રહી હતી. કેટલાય ખેડૂતો આ જ અવસરે શેરડી રસથી ભરેલા કુંભોનું ભેટણું લઈને રાજમહેલે આવી પહોંચ્યા હતા. શ્રેયાંસકુમારનો મનમોર નાચી ઊઠ્યો. શેરડીનો રસ નિર્દોષ આહાર તરીકે વહોરાવી શકાય, એનું વિત્ત (દાનસામગ્રી) હતું, પ્રભુથી ચડિયાતું પાત્ર વળી બીજું કયું હોઈ શકે અને પોતાનું ચિત્ત તો ભાવનાની ભરતીથી ભરપૂર હતું જ !

આમ, વિત્ત-પાત્ર અને ચિત્તના ત્રિભેટે ઊભેલા શ્રેયાંસકુમારની નજર પ્રભુના દર્શને નાચી ઊઠી. એમણે પ્રભુને વિનવ્યા : દાદા આદિનાથ ! મારા આંગણે પધારો. હું આપને સુવર્ણ કે સમૃદ્ધિનું દાન નહિ કરું, અત્યારે શેરડીના કુંભ ભેટણાં તરીકે મારે ત્યાં આવ્યા છે, આ શુદ્ધદાનનો સ્વીકાર કરીને આપ મને પાવન બનાવો !

સુવર્ણ અને સમૃદ્ધના ઢગ પર નજર ન કરનારા પ્રભુએ, શ્રેયાંસકુમારની સામે હાથ લંબાવ્યો. સૌના આનંદ અને આશ્ચર્યનો પાર ન રહ્યો. શ્રેયાંસકુમાર પ્રભુના એ હાથમાં એક પછી એક શેરડીના કુંભ ઠલવવા માંડ્યા. પૂરા ૧૦૮ કુંભ ઠલવાયા અને દેવોએ જગવેલા અહોદાન અહોદાનના ધ્વનિથી આકાશ તેમજ પંચદિવ્યના પ્રભાવથી એ દાનભૂમિ ભરાઈ ગઈ. દેવતાઓએ આ પ્રથમ દાન દ્વારા પ્રભુને થયેલા પારણાથી પ્રસન્ન બની જઈને સાડાબાર ક્રોડ સોનૈયા અને કેટલાંય વસ્ત્રોની વૃષ્ટિ કરી, આકાશમાં દુંદુભિનો નાદ ફેલાવ્યો, તેમજ સુગંધથી ભરપૂર પાણી અને પુષ્પો વરસાવ્યાં. આ અવસર્પિણી કાળમાં આ રીતે શ્રેયાંસકુમાર દ્વારા પ્રારંભાયેલા દાનધર્મનો દેવતાઓએ આ રીતે પંચદિવ્ય કરવા દ્વારા મહિમા કર્યો.

હસ્તિનાપુરની જનતા માટે આજનો આ પ્રસંગ ઘણાં ઘણાં આશ્ચર્યોને ખેંચી લાવનાર પ્રશ્નો પેદા કરી રહ્યો હતો. કોઈને સમજાતું નહોતું કે, આપણે વૃદ્ધ થઈને જે સમજી ન શક્યા, એ આ શ્રેયાંસકુમાર કઈ રીતે સમજી ગયા અને પ્રભુનું પારણું એમના હાથે થયું ! આ ધ્વનિ શાનો ! ધનની આ વૃષ્ટિ શાની ? હવામાં આ સુગંધ શાની ? અને વાતાવરણમાં આ પ્રસન્નતા કોણ ખેંચી લાવ્યું ?

પ્રભુ તો ૪૦૦ દિવસના ઉપવાસને અંતે શેરડીના રસ દ્વારા પારણું કરીને અન્યત્ર પધારી ગયા, પણ શ્રેયાંસકુમારના મહેલમાં મોટો માનવમેળો જામ્યો. સૌએ આજના પ્રસંગથી અનુભવેલા આશ્ચર્યમૂલક પ્રશ્નો રજૂ કર્યા. એનું સમાધાન કરતાં શ્રેયાંસકુમારે કહ્યું કે,

"આપણા આ દાદા તો કંચન-કામિનીના ત્યાગી થયા છે, એમને આવી ચીજો કઈ રીતે ખપે ? આપણા માટે જે ચીજ લાખેણી ગણાય, પ્રભુ માટે એની કિંમત તો કોડી જેવી પણ ન ગણાય ! એથી આજ સુધી ગામેગામ વિચરતા પ્રભુ કશુંય ગ્રહણ કરતા નહોતા, આજે એમને શુદ્ધભિક્ષાની પ્રાપ્તિ થઈ, એથી ૪૦૦ ઉપવાસના અંતે પ્રભુએ શેરડીનો રસ ગ્રહણ કર્યો. જે જીવરહિત અને પોતાના માટે કરેલી, કરાવેલી કે અનુમોદાયેલી ન હોય, એવી જ ચીજ પ્રભુ ગ્રહણ કરી શકે. શેરડીનો રસ આવો હતો, માટે પ્રભુએ આજે ગ્રહણ કર્યો. અને એની ખુશાલીરૂપે દેવોએ ધન-વસ્ત્રની વૃષ્ટિ કરી."

પ્રજામાંથી પ્રશ્ન થયો કે, જે અમે ન જાણી શક્યા, તે દાનવિધિ આપને કોણે જણાવી ? જવાબમાં શ્રેયાંસકુમારે કહ્યું કે, 'આજ સુધી તો હું પણ દાનની આ રીત જાણતો નહોતો, પણ આજે પ્રભુનું દર્શન થયું અને મારી સ્મૃતિનાં કમાડ ખૂલી જતાં મને પૂર્વભવોનું જ્ઞાન થયું, એમાં મુનિ તરીકેના ભવમાં મેં જીવી જાણેલી ચારિત્રચર્યા તાજી થઈ, એથી મને ખ્યાલ આવ્યો કે, મુનિને કેવું દાન ખપી શકે ? આ પ્રભુ સાથે મારે નવ-નવ ભવના સંબંધ-સગપણ છે. એય જાણવા જેવા છે.'

આ ભવથી પૂર્વેના નવમા ભવમાં પ્રભુજી ઈશાન દેવલોકમાં લલિતાંગ નામના દેવ હતા, ત્યારે સ્વયંપ્રભા નામની દેવી તરીકે હું હતો. આ ભવથી મારો પ્રભુ સાથે સંબંધ થયો. પછીના ભવમાં પૂર્વમહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં એ લલિતાંગદેવ વજ્રજંઘ નામના રાજા થયા, ત્યાં શ્રીમતી નામની રાણી તરીકે મેં એમની સાથે પ્રીતનાં બંધન દૃઢ કર્યાં, ત્યારબાદ બે ભવમાં અને બંને ક્રમશઃ ઉત્તરકુરુ ક્ષેત્રમાં યુગલિક તથા મહાવિદેહ ક્ષેત્રના ક્ષિતિ-પ્રતિષ્ઠિત નગરમાં જીવાનંદ નામના વૈદ થયા, ત્યારે હું એમનો કેશવ નામે પુત્ર થયો. આ પછી બારમા દેવલોકમાં અમે બંને સામાનિક દેવ થયા.

આ દેવલોકમાંથી પ્રભુ જંબૂદ્વીપના પૂર્વવિદેહ ક્ષેત્રમાં આવેલ પુષ્કલાવતી વિજયની પુંડરીકિણી નગરીમાં વજનાભ નામના ચક્રવર્તી પુત્ર થયા, ત્યારે હું એમનો સુયશા નામનો સારથિ થયો. એમના પિતાશ્રી વજસેન તીર્થંકર હતા. શ્રી વજસેન જ્યારે તીર્થંકર તરીકે વિચરવા માંડ્યા, ત્યારે પ્રભુના જીવ શ્રી વજનાભે તેમજ મેં એ તીર્થંકર પાસે સંયમ ગ્રહણ કર્યું. આ પછીના ભવમાં અમે બંને સર્વાર્થસિદ્ધિ નામના પાંચમા અનુત્તર વિમાનમાં દેવ થયા. આ દેવભવ પૂર્ણ થતાં પ્રભુજી શ્રી ઋષભદેવ તરીકે આપણા પર ઉપકાર કરવા અહીં અવતર્યા અને હું એમના પ્રપૌત્ર તરીકે આ નગરીમાં જન્મ પામ્યો. આમ, નવ-નવ ભવના આ સંબંધ જાતિસ્મરણ જ્ઞાન થતાં જ મને સાંભરી આવ્યા અને સુપાત્ર દાનનો લાભ હું મેળવી શક્યો.

શ્રેયાંસકુમારનું વક્તવ્ય પૂરું થતાંની સાથે જ રાજા અને નગરશેઠે પૂછ્યું : 'આપણે ત્રણેએ આજે જે સ્વપ્ન જોયું, એને આજના આ પ્રસંગને કોઈ મેળ છે ખરો ? જો હોય, તો તે કઈ જાતનો ?'

શ્રેયાંસકુમારે ત્રણે સ્વપ્નની ભૂમિકા સમજાવીને પ્રજા સમક્ષ નજર લંબાવતાં કહ્યું : 'આ ત્રણે સ્વપ્ન દ્વારા જે શુભના સંકેત સૂચવાયા હતા, એ આજના પ્રસંગથી સાચા સાબિત થયા : શ્યામમેરુને દૂધથી પ્રક્ષાલ કરીને ફરી ઉજ્જ્વળ બનાવ્યાનું સ્વપ્ન મેં નિહાળેલું, એનો અર્થ એ છે કે પ્રભુનો મેરુ જેવો દેહ આ દીર્ઘ તપથી જરાક નિસ્તેજ બન્યો હતો, શેરડીના રસથી પારણું કરાવવા દ્વારા એ દેહને દીપ્તિમંત બનાવવામાં હું નિમિત્તમાત્ર બન્યો.'

'મારા પિતાશ્રીએ શત્રુઓથી ઘેરાયેલા અને એકલપંડે ઝઝૂમતા કોઈ રાજાને મારી સહાયથી વિજયી બનતા જોયો હતો, એનો અર્થ એ છે કે, પ્રભુની આસપાસ ભૂખ-તરસ આદિ જે શત્રુઓ ઘેરા નાખીને રહ્યા હતા, ઈક્ષુરસ વડે થયેલ પારણાના કારણે પ્રભુ હવે એ બધાનો નજીકમાં પરાભવ કરી વિજયી બની તીર્થંકર તરીકે વિચરશે.'

શ્રેયાંસકુમારે વાત પૂરી કરી અને સમગ્ર પ્રજા હર્ષથી નૃત્ય કરી ઊઠી. ઘર-ઘર અને ઘટ-ઘટમાંથી એ જાતનો ધ્વનિ ઊઠ્યો કે :

દાદા આદિનાથના આ વર્ષીતપને વંદના ! અને દાનધર્મના પ્રવર્તક આપણા રાજપુત્ર શ્રી શ્રેયાંસકુમારને ઘણી ખમ્મા !

□

આવી અદ્દ્ભુત છે : વર્ષીતપનો વૈભવ ધરાવતા તેમજ અક્ષય તૃતીયાનું નામ ધરાવતા પર્વની આ ધર્મકથા ! દાદા આદિનાથ ભગવાનના દીક્ષા પછીના જીવનમાં થયેલા દીર્ઘ તપના આંશિક અનુકરણરૂપે અને શ્રી શ્રેયાંસકુમાર દ્વારા આ અવસર્પિણી કાળમાં દાનધર્મના થયેલા આદ્ય પ્રવર્તનની અનુમોદનારૂપે 'અક્ષય-તૃતીયા' પર્વની પ્રતિષ્ઠા થઈ, એથી દાનની દિવ્યતા અને તપની તેજસ્વિતાના ઉદ્દ્ઘોષક પર્વ તરીકે 'અક્ષય તૃતીયા'નું સ્થાનમાન જૈન શાસનમાં અજોડ હોય, એમાં આશ્ચર્યને કોઈ અવકાશ નથી.

એક પ્રશ્ન થાય એમ છે કે, દાદા આદિનાથ પ્રભુને દીક્ષા બાદ આ દીર્ઘ તપ થયો. એના કારણ તરીકે શું ત્યારના લોકોની દાનવિષયક અજ્ઞાનતા જ કારણ હતી ? આ ૪૦૦ ઉપવાસ પાછળ બીજું કોઈ કારણ શું હતું જ નહિ ? આનો જવાબ પ્રભુના જીવનના એક પ્રસંગમાંથી જડી આવે એમ છે.

શ્રી ઋષભદેવ તરીકે ભવથી કેટલાક ભવો પૂર્વે ભગવાનનો જીવ એક વાર કોઈ માર્ગેથી પસાર થઈ રહ્યો હતો, ત્યાં ખેતરમાં ધાન્યના ખળામાં ફરતી વખતે ધાન્યને ખાતા બળદો પર પડતો માર જોઈને એમની દયા જાગી ઊઠી. એમણે ખેડૂતોને કહ્યું : 'આ રીતે બળદોને મારો છો, એના કરતાં આ બળદોના મોઢે શીંકુ બાંધો ને જેથી એ ધાન્ય ખાય નહિ, એમને માર પડે નહિ અને તમારું કામ પણ બરાબર ચાલુ રહે !' ખેડૂતોએ જ્યારે આ વિષયમાં અણઆવડત બતાવી, ત્યારે પ્રભુના એ જીવે શીંકુ બાંધતાં શીખવાડ્યું, પરંતુ કામ પતી ગયા બાદ શીંકું છોડવાની સૂચના આપવાનું ભુલાઈ ગયું, એથી એ દિવસે લાંબા કાળ સુધી ખેડૂતો શીંકું છોડવાનું ભૂલી ગયા. આ પ્રમાદના કારણે આટલા બંધાયેલા, અંતરાયકર્મ પ્રભુને દીક્ષા બાદ ઉદયમાં આવ્યું, જેથી આટલા દિવસો સુધી પ્રભુને શુધ્ધ આહારનો યોગ ન મળ્યો.

આમ, આ વર્ષીતપનો પ્રભવ અને પ્રભાવ જણાવતી પ્રભુના જીવનની કથામાંથી ઘણો બોધ મેળવી શકાય એવો છે : પ્રભુએ જે એક કાર્ય કરુણાબુદ્ધિથી કર્યું, પણ એમાં થોડો પ્રમાદ રહી ગયો, તો અંતરાય-કર્મનો બંધ થયો. આ ઘટના પરથી આપણે આપણા જીવન માટે બોલવા-ચાલવાની પ્રવૃત્તિ પર કેટલો બધો સંયમ રાખવાની પ્રેરણા ગ્રહણ કરવી જોઈએ ?

વર્ષીતપનો મહિમા એ દાનધર્મનો પણ મહિમા છે. દાન એ ધર્મનું પહેલું પગથિયું છે. જીવનમાં ધર્મનો પ્રવેશ થયાની બે નિશાનીઓ - ઔદાર્ય અને દાક્ષિણ્ય - આ બે ગુણો છે. આમાં પણ દાનની જ મુખ્યતા છે. જે ધર્મ પામ્યો છે, એને તો દાન વિના ચાલે જ નહિ, માટે જ શ્રાવકની જીવનકરણીમાં ડગલે ને પગલે દાન-ધર્મના આરાધન પર ભાર મૂકવામાં આવ્યો છે. દાન એક એવી ઔષધિ છે, જે પરિગ્રહ નામના રોગથી આપણને મુક્ત કરે !

ચાર પ્રકારના ધર્મમાં પહેલો પ્રકાર દાનનો છે. જે ધર્મી પોતાની પાસે રહેલા પરિગ્રહમાંથી સર્વથા મુક્ત બનવાની ભાવનાથી દાન કરી શકે અથવા ન કરી શકે, તો એ સ્થિતિ મેળવવા જે તલપાપડ હોય, એ જ સાચી રીતે શીલ-તપ અને ભાવ ધર્મની આરાધના કરવામાં સફળ બની શકે છે કારણ કે, દાનમાં તો જે દૂરની ચીજ છે, એને છોડવાની વાત છે, જે દૂરની ચીજની મમતાને મારીને શીલ-તપ-ભાવનો આરાધક કઈ રીતે બની શકે ? માટે ધર્મને પામવા માટે કે પામેલા ધર્મને દીપાવવા માટે શ્રાવકજીવનમાં સૌથી પહેલો જરૂરી જો કોઈ ગુણ હોય, તો તે દાનનો ગુણ છે ! દાનનો ગુણ આવતાંની સાથે જ એના વરદાન તરીકે બીજા ગુણોની પ્રાપ્તિ સામેથી જ થતી રહે છે.

આવો દાનધર્મ આ અવસર્પિણી કાળમાં દાદા શ્રી આદિનાથ પ્રભુના વર્ષીતપનું આલંબન પામીને શ્રી શ્રેયાંસકુમારે પહેલવહેલો પ્રવર્તાવ્યો ! એથી વર્ષીતપના આરાધકના જીવનમાં દાનની મુખ્યતા હોવી જરૂરી છે. તો જ અંતે એ આરાધક સર્વ જીવોને અભયદાન આપવા દ્વારા પરમપદમોક્ષનો ભોક્તા બની શકે !

## વર્ષીતપની વિધિ

શ્રી ઋષભદેવ પ્રભુએ ફાગણ વદ આઠમે સંયમનો સ્વીકાર કર્યો, ત્યારથી ૪૦૦ દિવસ બાદ વૈશાખ સુદ ત્રીજે પ્રભુનું પારણું ઈક્ષુરસ દ્વારા થયું. આમ, તપનું પૂરેપૂરું અનુકરણ તો ૪૦૦ સળંગ ઉપવાસ દ્વારા થઈ શકે. પણ એવી શક્તિ તો પ્રભુ સિવાય કોનામાં હોય ? એથી એ તપના આંશિક અનુકરણરૂપે ફાગણ વદ ૮ થી આ તપનો પ્રારંભ કરવાનું વિધાન છે. ૧૩ મહિના અને ૧૧ દિવસ સુધી

આ તપ ચાલે છે. આમ તો આ તપમાં ઉપવાસ અને પારણે ઓછામાં ઓછું બિયાસણું કરવાનું વિધાન છે. પણ આ તપની ઉત્કૃષ્ટ આરાધના છઠ્ઠના પારણે છઠ્ઠથી કે આથી ઉપરના તપથી કરી શકાય છે. વર્ષીતપ કરનારે ખ્યાલ રાખવા જેવી કેટલીક વિગતો નીચે મુજબ છે :

ફા.વ. ૮ મે વર્ષીતપ શરૂ કર્યા બાદ જે અક્ષય તૃતીયા આવે, એ દિવસે ઉપવાસ કરવો જોઈએ !

છઠ્ઠ કે અઠ્ઠમથી આ તપનો પ્રારંભ કરનારે એ રીતે છઠ્ઠ-અઠ્ઠમનું પચ્ચક્ખાણ લેવું કે, આ દિવસે એટલે ફાગણ વદ આઠમે છેલ્લો ઉપવાસ આવે !

ચૌદસના દિવસે ઉપવાસ જ આવવો જોઈએ. તેમજ ત્રણ ચોમાસી અષાઢ સુદ ૧૪/૧૫, કાર્તિક સુદ ૧૪/૧૫, ફાગણ સુદ ૧૪/૧૫ દરમિયાન છઠ્ઠનો તપ કરવો જોઈએ.

તદુપરાંત વર્ષીતપનું પારણું પણ શક્ય હોય, તો છઠ્ઠથી કરવું જોઈએ. એટલે કે અચિત્ત (રસ કાઢ્યા બાદ ૪૮ મિનિટે રસ અચિત્ત બને છે અને બે પ્રહર એટલે ૬ કલાક સુધી એ રસ વાપરી શકાય.) શેરડીના રસથી એકાસણાના તપપૂર્વક પારણું કરવું જોઈએ. શક્તિ હોય, તો આ તપનું પારણું તપ શ્રી હસ્તિનાપુરમાં તીર્થ અથવા શ્રી શત્રુંજય તીર્થમાં કરવાથી ઘણો લાભ મળે છે.

શ્રી ઋષભદેવ પ્રભુ ગિરિરાજ શત્રુંજય પર અનેક વાર પધાર્યા હોવાથી અને પ્રભુના આગમનથી આ તીર્થનો મહિમા આ કાળમાં વધ્યો હોવાથી, તિર્થાધિરાજ શ્રી શત્રુંજયની છાયામાં વર્ષીતપનું પારણું કરવું અથવા તો પારણાનો આ પ્રસંગ નિહાળવો, એય જીવનનો એક મહામૂલો લહાવો છે. અક્ષય તૃતીયાને દિવસે પ્રતિવર્ષ લગભગ ૧૨૦૦/૧૩૦૦થી અધિક સંખ્યામાં વર્ષીતપના આરાધકો પોતાના તપની પૂર્ણાહુતિ નિમિત્તે આ તીર્થમાં પધારે છે. આ સિવાય બીજા યાત્રિકો પણ મોટી સંખ્યામાં આવતા હોવાથી અક્ષય તૃતીયાના પર્વ દિવસે લગભગ ૩૦/૩૫ હજાર માનવોનો મેળો પાલિતાણામાં ઉભરાય છે. શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી પારણા અંગે સુંદર વ્યવસ્થા કરાય છે. હજારો તપસ્વીઓ પારણાની પૂર્ણાહુતિ પ્રસંગે જાતજાતની પ્રભાવનાઓ કરવાનો લાભ લે છે. ગિરિરાજ પર દાદાના દરબારમાં આ દિવસે પ્રભુના પ્રક્ષાલ આદિનો લાભ લેવા માટે રૂપિયાની બોલી બોલાય છે.

ઈક્ષુરસના નાના નાના ૧૦૮ ઘડા દ્વારા તપસ્વીઓને કરાવાતા સબહુમાન દૃશ્ય તો અનેકનાં હૈયાંમાં વર્ષીતપની ભાવનાઅનુમોદના જગવી જાય, એવું પ્રેરક હોય છે. જેણે જીવનમાં પહેલવહેલો વર્ષીતપ આરાધ્યો હોય, એ તપસ્વી ઘણું કરીને પ્રથમ પારણું પાલિતાણામાં કરવાની ભાવનાવાળો હોય છે. જેઓ બીજી-ત્રીજીવાર વર્ષીતપ કરે છે, એઓ પોતપોતાના ગામમાં પણ મહોત્સવપૂર્વક પારણાનો પ્રસંગ ઊજવે છે. છેલ્લાં થોડાંક વર્ષોથી હસ્તિનાપુર તીર્થમાં પણ આ પ્રસંગ ભવ્ય રીતે ઊજવવામાં આવે છે. આમ, જૈનશાસનમાં પર્યુષણ એ જેમ પ્રભાવક પર્વ છે, એમ વર્ષીતપ એ પ્રભાવક તપ તરીકે સુપ્રસિધ્ધ છે.

## વર્ષીતપ કરનારે કરવાની દૈનિક વિધિ

- શ્રી ઋષભદેવનાથાય નમઃ આ પદની ૨૦ નવકારવાળી.
- ૧૨ લોગસ્સનો કાઉસ્સગ, ૧૨ સાથિયા, ૧૨ પ્રદક્ષિણા તેમજ નીચેનો દૂહો બોલીને ૧૨ ખમાસમણા આપવા.
- "પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન.<br>ચાર નિક્ષેપ ધ્યાઈએ, નમો નમો શ્રી જગભાણ"
- સવાર-સાંજ પ્રતિક્રમણ.
- અષ્ટપ્રકારી પ્રભુપૂજા, તદુપરાંત બ્રહ્મચર્યપાલન, સંથારાશયન, ત્રિકાળ દેવવંદન, ઉભયટંક પડિલેહણ આદિ અનુષ્ઠાનો કરીને આ તપને વધુ ઉજમાળું બનાવી શકાય છે.

## કાઉસ્સગ્ગ કરવાની વિધિ

ઈરિયાવહી કર્યા બાદ ખમા. દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ અરિહંતપદ આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરું ? ઇચ્છં અરિહંત પદ આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિયાએ..અન્નત્થ. ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ (ચંદેસુ નિમ્મલયરા સુધી) પછી પારીને પ્રગટ લોગસ્સ કહેવો.

શ્રી હર્ષદરાય પોપટલાલના સુપુત્ર ચિ. ઉપેન્દ્રભાઈનાં ધર્મપત્ની અ.સૌ. માલિનીબેને
કરેલ વર્ષીતપની પૂર્ણાહુતિ પ્રસંગે ગવાયેલ

## વર્ષીતપ મહિમા ગીત (રાગ - હે ત્રિશલાના જાયા...)

માતા મરૂદેવીના જાયા, જેણે વર્ષીતપ સોહાયા,
દિક્ષા દિવસથી ચારસો દિનના, ઉપવાસી જિનરાયા... માતા (૧)

ખેતરમાં પશુ કામ કરંતા, ધાન્યને ખાઈ જાતા,
ખેડૂત તેથી માર મારતો, પૂર્વ ભવે પ્રભુ જોતા,
કરુણાથી મુખે શીંકું બંધાવ્યું, પ્રમાદવશ ના ખોલાયા... માતા (૨)

પુણ્યની સાથે પાપ સેવાયું, બળદો ભૂખ્યા રહેતા,
અંતરાય બાંધ્યો પ્રભુ જીવે, કર્મ વિપાક ભોગવતા,
ના મળે ગોચરી પાણી પ્રભુને, ચારસો દિવસ વિતાયા... માતા (૩)

ફાગણ વદ આઠમથી પ્રારંભ, વૈશાખ સુદ બીજ અંત,
જઘન્યથી એક ઉપવાસ-બેસણું, ચૌદશે ઉપવાસ વ્રત,
વિધિ સહિત વર્ષીતપ કરતાં, પૂજો ભાવિ જિનરાયા... માતા (૪)

ગામોગામ વિચરતા જિનજી, હસ્તિનાપુરમાં પધાર્યા,
શ્રેયાંસકુમાર પ્રભુને જોતાં, નવનવ ભવ યાદ આવ્યા,
ઉપવાસી અરિહંત નિહાળી, સુપાત્ર દાન ચિત્ત લાયા... માતા (૫)

એકસો આઠ ઈક્ષુરસ કુંભો, નૃપને ભેટણું આવે,
નિર્દોષ ભિક્ષા જાણી શ્રેયાંસજી, ભાવે જિનને વહોરાવે,
ચિત્ત વિત્ત ને પાત્ર વડાઈ, દાતા જગ પંકાયા... માતા (૬)

ઋષભ પ્રભુને ઈક્ષુરસ પારણે, ત્રેવીશ જિનને ખીર,
ઋષભ પ્રભુને દાતા ક્ષત્રી, ત્રેવીસ બ્રાહ્મણ ધીર,
નિયમા દેવલોક કે શિવના, આયુ દાતા સોહાયા... માતા (૭)

રાજા, નગરશેઠ, રાજપુત્રનાં, ઉત્તમ સ્વપ્નો ફળતા,
પાંચ દિવ્ય, બાર ક્રોડ સોનૈયા, પારણા પ્રભાવે વરસતા,
અક્ષય પદ દેનારી આ ભિક્ષા, 'અક્ષય તૃતીયા' કહાયા... માતા (૮)

આ તપમાં આજ પ્રાયે મોખરે, વિશ્વકીર્તિ મુનિરાજ,
ઓગણપચાસ સળંગ વર્ષીતપ, રામચન્દ્રસૂરિ શિષ્યરાજ,
તેત્રીસ વર્ષ વર્ષીતપ કીધો, 'બાપજી' નહીં વિસરાયા... . માતા (૯)

પાલીતાણા ને હસ્તિનાપુર, અખાત્રીજ દિન ગાજે,
પ્રથમ જિણંદને ભાવે ભેટતાં, તપસ્વીના દિલ રાજે,
કર્મ નિર્જરા કરતા કરતા, તપ પૂર્ણતા પાયા... માતા (૧૦)

માલિનીબેને વર્ષીતપ કર્યો, દિન દિન ચઢતે રંગે,
હર્ષદરાય પોપટલાલ ગૃહે, તપ ઉત્સવ ઉછરંગે,
'ધર્મરસિક સુતે' વર્ષીતપના, મહિમા આજે ગાયા... માતા (૧૧)

સં. ૨૦૪૯ વૈશાખ સુદ ૩ તા. ૨૫-૪-૯૩ રવિવાર, રચયિતા 'ધર્મરસિક સુત'
હસ્તિનાપુર મહેન્દ્ર રસીકલાલ શાહ



## અ.સૌ. માલીનીબહેન ઉપેન્દ્રભાઈ શાહ

જન્મ : ૨૨-૯-૧૯૪૯

અમદાવાદ

માતા : માલતીબેન કીનખાબવાલા

પિતા : મનુભાઈ કીનખાબવાલા

શ્રાવકમાતા : વિદ્યાબહેન હર્ષદરાય

શ્રાવકપિતા : હર્ષદરાય પોપટલાલ

સૌજન્ય : **પદમીની ઈન્દ્રજીત પરીખ**

'સંવેદ' સેટેલાઈટ ટાવરની સામે,

માનસિંહ કોમ્પ્લેક્ષની બાજુમાં,

સેટેલાઈટ, અમદાવાદ